# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ (COVID-19)

સુરત શહેરમાં હાલમાં કોરોના વાયરસના સંક્રમણનું પ્રમાણ તેજ ગતિએ વધી રહ્યું હોય જેને વહેલામાં વહેલી તકે નિયંત્રિત કરવા માટે માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS ખૂબ જ જહેમત ઉઠાવી રહ્યા છે અને શહેરમાં કોવિડ–૧૯ ની તમામ પ્રકારની કામગીરી ઝડપી થાય તે માટે કરવામાં આવતી કામગીરીનું પ્રતિદિન વિવિધ સંક્રમિત વિસ્તારોની પ્રત્યક્ષ મુલાકાત લઈ શહેરમાં વધતાં કોરોના વાયરસના અટકાયતી પગલાઓ લઈ  રહ્યા છે.

કોરોના વાયરસના વધુ પડતા સંક્રમણની  પરિસ્થિતિને ધ્યાને લઈ આજરોજ માન.મ્યુ. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS એ ઉધના ઝોન ઓફીસમાં  આવેલ  વોર રૂમ તથા ઝોન  વિસ્તારમાં આવતા ટ્રાયજ કેસોની  રૂબરૂ મુલાકાત લીધી હતી  તેમણે ભેસ્તાન ગામમાં બ્રાહ્મણ ફળિયું, ક્રિષ્નાકુંજ સોસાયટી, સરસ્વતી કોલોની વિગેરે   વિસ્તારોની મુલાકાત લઈ સ્થળની પરિસ્થિતિનો તાગ મેળવેલ તથા આ વિસ્તારના લોકોને સરકારશ્રીએ જાહેર કરેલ માગદર્શિકાનું અચૂક પાલન કરવા  બિનજરૂરી ઘરની બહાર ન નીકળવું ભીડભાડ વાળી જગ્યાએ પર જવાનું ટાળવું. કોરોના વાયરસના શંકાસ્પદ લક્ષણો જણાય તો તાકીદે નજીકના કોવિડ પરીક્ષણ કેન્દ્ર  અથવા ધન્વંતરી આરોગ્ય રથ મારફત ટેસ્ટીંગ અવશ્ય કરાવવું. ૪૫ વર્ષથી વધુ વયના  તમામ શહેરીજનોને ઝડપથી વેકસીનેશન કરાવી સુરત મહાનગરપાલિકાને કોરોના વાયરસ સામેની આ લડતમાં યોગ્ય સાથ – સહકાર આપે   એવો અનુરોધ કર્યો હતો. તથા આ ઝોન વિસ્તારમાં  ધન્વંતરી રથ ધ્વારા કરવામાં આવતી આનુંષાગિક કામગીરી બાબતે સમીક્ષા કરી જરૂરી સુચનો કરી વધુમાં વધુ ટેસ્ટીંગ કરવા સુચના આપી  હતી.  ભેસ્તાન ચાર રસ્તા પર ફ્રુટવાળાઓને માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવા, સેનિટાઈઝરનો મહત્તમ ઉપયોગ કરવો,  સુચના આપી હતી.

સુરત મહાનગરપાલિકા તરફથી વિનામૂલ્યે કોરોના ટેસ્ટીંગ સેન્ટરની માહિતી https://tinyurl.com/AntigenTestingCentres/ તથા ધન્વંતરી રથના રોજબરોજના રૂટની માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://tinyurl.com/dhanvantarirathplan/ ઉપરથી મળી શકશે. વેકિસનેશન સેન્ટરની માહિતી https://tinyurl.com/Covid19VaccinationRegistration/  લીંક પરથી મેળવી શકાશે.

**જનસંપર્કવિભાગ,સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૭૨,તા.૧૦/૦૪/૨૦૨૧**